# માતૃભાષા

ભાષા સંસ્કૃતિનો પ્રાણ છે

આવો આપણે સાથે મળી માતૃભાષાને બિરદાવીએ

No. 54 – December 2009 MATRUBHASHA Language – Gujarati

(Australia's First and Only Gujarati magazine, First published : January 2001)

અંક નંબર ૫૪ - ડિસેમ્બર ૨૦૦૯ માનદ તંત્રી - પ્રવીણ વાઘાણી કિંમતઃ જેવો જેનો ભાષાપ્રેમ


## માગ, માગ, માગે તે આપું !



જંગલના એક અગોચર ખૂણામાં બેસી ઘણા વર્ષોની કઠીન તપશ્ચર્યા કરી રહેલા એક માનવી પર કોઈ દેવ કે દેવી પ્રસન્ન થઈને પોતાના એ ભક્તની સામે પ્રગટ થાય, તેને સમાધીમાંથી જગાડે, તેને દર્શન આપે અને કહે, 'હે ભક્ત, તારી આ કઠીન તપશ્ચર્યા અને મારા પ્રત્યેની શ્રદ્ધાથી હું તારા પર તૃપ્તમાન છું. માગ, તારી શું ઈચ્છા છે ? માગ, તું માગે તે હું તને આપું'.

જેણે આટલા વરસોની લાગલાગટ તપશ્ચર્યા દરમિયાન દુનિયાદારીની બધી વસ્તુ, સંપત્તિ, સમૃદ્ધિ, સુખસગવડો, સંબંધ, પ્રેમ, ઈર્ષા, ક્રિયા, વગેરેનો ત્યાગ કર્યો હોય, દુનિયાદારીની નાનીમોટી દરેક બાબતોથી નિર્લેપ રહી, ફક્ત એક જ ધ્યેય પાછળ ચિત્ત લગાવી દીધું હોય, આ બધાનું અસ્તિત્વ જ ભુલાવી દીધું હોય, તે આ પ્રશ્નનો શો જવાબ આપે ? તેને કોઈ ઈચ્છા રહી હોય ખરી ?

પણ એ દરેકને જીવન વ્હાલું હતું. તેમને સતત જીવવું હતું. કેવું જીવવું છે, કેવી રીતે જીવવું છે તેની કોઈ સ્પષ્ટ વ્યાખ્યા નથી હોતી. શું સારું, શું ઈચ્છવા યોગ્ય, શું હોવું જોઈએ, શું બનવું જોઈએ, દરેકની કલ્પના અલગ અલગ હોય છે. તેમ છતાં તેમને બધાને અમરત્વ જોઈતું હતું. જે આ વિશ્વના શાશ્વત, અફર નિયમની વિરુદ્ધ હતું. 'નામ તેનો નાશ', 'જન્મે તેનું મૃત્યુ', સતત પ્રવૃત્તિશીલ રહેવું, કાયમ બદલાતા રહેવું, એ આ સમગ્ર વિશ્વનો નિયમ છે. ગ્રહો, તારાઓ, સૂર્યો, બધા જ જન્મે છે અને મરે છે અને ફરી જન્મે છે. સતત ફરતા રહે છે, કોઈ સ્થિર નથી. કોઈ કોઈને નડતા નથી. પણ બધાને એકબીજાનું આકર્ષણ છે. અને આ આકર્ષણ, જેને આપણે 'ગુરૂત્વ-આકર્ષણ' કહીએ છીએ, દરેકને પોતાની જગ્યાએ સલામત રાખે છે. પરંતુ સાચા અર્થમાં કોઈ આકર્ષણ 'ગુરૂ' નથી કે કોઈ 'લઘુ' નથી. ફક્ત આકર્ષણ જ વિશ્વના નિયમબદ્ધ અસ્તિત્વનું એક મહત્વનું તત્વ છે.

આ બધા ઝળહળતા તારાઓ, સૂર્યો, સમગ્ર વિશ્વને પ્રકાશથી ભરી દે છે. પ્રકાશ સત્ય છે, શાશ્વત છે. અમાપ છે, અવિલિપ્ત છે. ઈશ્વરે તો ફક્ત પ્રકાશનું જ સર્જન કર્યું છે, અંધકારનું નહી. અંધકારનું અસ્તિત્વ ક્યાંય નથી. પ્રકાશનો અભાવ એ જ ફક્ત અંધકાર છે. અંધકાર એટલે પડછાયો. પ્રકાશનો જ્યાં જેટલો અભાવ એટલોજ પડછાયો હોય છે - ન જરા પણ નાનો કે ન જરા પણ મોટો.

સાચી રીતે જુઓ તો સુખ પણ શાશ્વત છે. માણસ જન્મે છે ત્યારે તેને 'જીવન' જેવી અમૂલ્ય વસ્તુ સાથે ઈશ્વર સુખ પણ ભરપૂર આપે છે. પ્રકાશની જેમ જ આ સુખ પણ શાશ્વત છે, અમાપ છે, અવિલિપ્ત છે. દુઃખનું પોતાનું અસ્તિત્વ ન કહેવાય, સુખનો અભાવ એ જ તો દુઃખ છે ને ? જેમ ઈશ્વર માણસના હૃદયમાં જ વસેલો છે તો પણ માણસ તેને મૂર્તિઓ અને મંદિરોમાં શોધે છે. તે જ રીતે સુખ પણ તેની પાસે જ છે તો પણ તે બહાર, બીજે શોધે છે અને સુખની આ શોધ તેને દુઃખ આપે છે.

ભૂખ શું છે ? પેટમાં અન્નનો અભાવ હોય ત્યારે માણસને ભૂખ લાગે છે. પેટમાં અન્ન, પોષણ જાય એટલે ભૂખ અદૃશ્ય થઈ જાય છે. આમ સાચા અર્થમાં ભૂખનું પણ અસ્તિત્વ તો ન જ કહેવાય.

વિશ્વશક્તિ પાસે ઘણું છે, અઢળક છે, અમાપ છે અને માણસ જે કાંઈ માગે તેને માટે તે યોગ્ય હોય તો, તેને તેની જરૂર હોય તો, તે આપવા તે તૈયાર છે. બસ, ફક્ત યોગ્ય રીતે માગવાની જ જરૂર છે અને તે મેળવવાની લાયકાત કેળવવી પડે છે.

બાળકને પોતાનું મનગમતું રમકડુ મળે તો તેને સુખ મળ્યું છે એવું તેને લાગે. સુખની વ્યાખ્યા દરેકની જુદી જુદી હોય છે, હોવી જ જોઈએ. આદીમાનવ જંગલમાં રહેતો, તેને ઝૂંપડુ ન હતું, તેની પાસે કપડા ન હતા, તેને દરરોજ ખાવાનું મળે એટલે તે સુખી રહેતો. ઓસ્ટ્રેલિયામાં ઘણા આદીવાસી (અબોરિજનલ્સ) લોકો આ જાતનું જીવન હજી પણ જીવે છે. સરકારને એમ થાય કે આપણે તેમને 'સુખ' આપીએ, એટલે તેમને માટે રહેવાના આધુનિક સગવડવાળા ઘર બાંધી આપે, પણ એ લોકો એમાં રહેવા રાજી નથી. તેમને ખુલ્લા આકાશ નીચે સૂવું વધારે પસંદ છે.

આધુનિક માનવને બધી સગવડો જોઈએ છે. રોટી, કપડાં, મકાન ઉપરાંત પણ ઘણું જોઈએ છે. તેને પૈસા, ધન જોઈએ છે, મિલકત જોઈએ છે, બેંકના ખાતામાં મોટુ બેલેન્સ જોઈએ છે, અવનવા ફેશનેબલ કપડાં જોઈએ છે, આનંદપ્રમોદના 'હાઈટેક' સાધનો જોઈએ છે, તેને ઘરમાં બેસી નથી રહેવું, દુનિયામાં બધે ફરવું છે અને જોવું છે, દુનિયા નાની લાગે તો દુનિયાની બહાર પણ જાવું છે, તેને જોઈતી એક વસ્તુ મળે એટલે તેને સુખનો અનુભવ થાય છે, પણ તે માણી લે, ભોગવી લે, એટલે તરત બીજી વસ્તુ જોઈએ છે, અને તે ન મળે ત્યાં સુધી તેના મનમાં 'સુખનો અભાવ' એટલે કે 'દુઃખ' રહે છે. આમ તેના જીવનમાં સુખ ક્ષણજીવી રહે છે અને દુઃખ શાશ્વત બને છે.

પણ જે વિશ્વશક્તિએ તેને જન્મ અને જીવન આપ્યા છે તે તો તેને સુખી રહેવા ઈચ્છે છે. એટલે તે સદા સાદ પાડીને કહે છે, 'માગ, માગ, માગે તે આપું'. જે આ સમજે છે, તે માગે છે, મેળવવાની લાયકાત કેળવે છે અને તેને જોઈતું મળે પણ છે. એ વાતમાં કોઈ શંકાને સ્થાન નથી.

આ જગતમાં ૫ ટકા વસ્તિ પાસે ૯૫ ટકા સંપત્તિ છે, ૨૦ ટકા લોકો પોતાને સુખી માને છે અને ૮૦ ટકા લોકો 'સુખનો અભાવ' અનુભવે છે, એનું કારણ એ નથી કે ઈશ્વર, વિશ્વશક્તિ, કોઈ જાતનો પક્ષપાત કરે છે. તફાવત ફક્ત એટલો છે કે જેને માગતા આવડ્યું, જે જોઈતું હતુ તે પામવાની લાયકાત કેળવી, તેને તે મળ્યું. કમ્યુનિસ્ટ સમાજે આ દેખાતી અસમાનતા દૂર કરવાનો પ્રયત્ન કર્યો. તેમને એમ કે જેની પાસે ઘણું છે તે લઈને જેમની પાસે ઓછું છે તેને આપવાથી આ અસમાનતા દૂર થઈ જશે. પણ આ વિચારસરણીને સફળતા મળી નહી કારણકે દરેકની લાયકાત અલગ હતી. એક મોટા પાત્રમાંથી અર્ધું પાણી લઈને નાના પાત્રમાં ભરવા જઈએ તો નાના પાત્રમાં તેની ક્ષમતા પૂરતું જ પાણી સમાશે અને વધારાનું ઢોળાઈ જશે, વ્યર્થ જશે.

સ્વામી વિવેકાનંદે આ વિચારસરણીના પૃથક્કરણમાં કહેલું, 'દુનિયાની બધી જ સંપત્તિ એકત્ર કરીને બધા લોકોને સરખે ભાગે વહેંચી દેવામાં આવે તો પણ થોડા સમય બાદ એ સંપત્તિ યથાવત તેની મૂળ જગ્યાએ ગોઠવાઈ જશે.'

આપણે ઘણીવાર જોઈએ છીએ કે એક જ માબાપના બે બાળકોમાંથી એક સુખી હોય છે અને બીજું દુઃખી હોય છે, એક સમૃદ્ધ, શક્તિશાળી, પ્રતિભાશાળી બને છે અને બીજું કંગાળ, તુચ્છ જીવન જીવે છે. એનો અર્થ એ નથી કે માબાપે કોઈ તેમના ઉછેરમાં કોઈ જાતનો પક્ષપાત કર્યો હોય. પણ એકને પોતાનું ધ્યેય દેખાયું, પોતાને શું જોઈએ છે તે સ્પષ્ટ કરીને વિશ્વશક્તિ પાસે માગ્યું, તે મેળવવા માટે મહેનત કરી, પુરાણોની ભાષામાં કહીએ તો 'તપશ્ચર્યા' કરી, તે પામવાની લાયકાત કેળવી, જેને અંતે વિશ્વશક્તિ તેના પર પ્રસન્ન થઈ અને તેને કહ્યું, 'માગ, માગ, માગે તે આપું.'

જો તમારે પણ કાંઈ જોઈતું મેળવવું હોય તો, ગમે તે હોય, સંપત્તિ, કાર્યમાં સફળતા, સબંધમાં મીઠાશ, પ્રેમમાં આવકાર, કુટુંબમાં સંપ, વાસ્તવમાં જીવનના દરેક પાસામાં જે કોઈ જરૂરિયાત હોય, તો તે વિષે સ્પષ્ટ બનો, ધ્યેય કેળવો, તપશ્ચર્યા કરો, તે મેળવવા માટે લાયક બનો, તો તે તમને જરૂર મળશે. તમારે માગવું નહી પડે કારણ વિશ્વશક્તિ તમારા વિચારો, તમારી જરૂરિયાત અને એ વિષેની તમારી લાયકાત જાણે છે !

સમગ્ર બ્રહ્માંડમાં એક ગેબી અવાજ ઘૂમી રહ્યો છે, **'માગ, માગ, માગે તે આપું.'**

Publication: MATRUBHASHA
(Bimonthly)
Language : Gujarati (Indian)
પ્રકાશન ઃ **માતૃભાષા** (શુદ્ધ ગુજરાતીમાં લખાયેલું દ્વીમાસી સામયિક)
માનદ તંત્રી અને પ્રકાશક ઃ પ્રવીણ વાઘાણી
Correspondence and articles to:
The Honorary Editor
(Pravin Vaghani)
4 Fiona crt, Glen Waverley
Vic 3150 (Australia)
Email: pvaghani@hotmail.com
. છપાયેલી કૃતિ માટે કંઈ પુરસ્કાર અપાશે નહી.
Disclaimer: Views expressed in the articles are of the contributors, writers, only. No responsibility is accepted by the honorary editor.

**No Subscriptions:**

MATRUBHASHA can now be viewed on Shri Ratilal Chandaria's Gujarati dictionary website www.gujaratilexicon.com. and on www.gav.org.au.
Printed edition will be continued to be sent to those who have already subscribed. But after their subscription has expired, they are requested not to send any renewal., but view MATRUBHASHA on the abovementioned website.

# ગું જ ન

## ⌘ જ્યાં લગી આત્માતત્વ ચિન્ત્યો નહિ ⌘

**નરસિંહ મહેતા**

જ્યાં લગી આત્મા તત્વ ચિન્ત્યો નહિ
ત્યાં લગી સાધના સર્વ જૂઠી.
મનખા દેહ તારો એમ એળે ગયો,
માવઠાની જેમ વૃષ્ટિ વૂઠી
જ્યાં લગી આત્માતત્વ ચિન્ત્યો નહિ. . ..
શું થયું સ્નાન, સંધ્યા પૂજા થકી ?
શું થયું ઘેર રહી દાન દીધે ?
શું થયું ધરી જટા ભસ્મ લેપ કર્યે ?
શું થયું વાળ લોચન કીધે ?
જ્યાં લગી આત્મા તત્વ ચિન્ત્યો નહિ. . .
શું થયું જપ-તપ તીરથ કીધા થકી ?
શું થયું માળ ગ્રહી નામ લીધે ?
શું થયું તીલક ને તુલસી ધાર્યા થકી ?
શું થયું ગંગાજળ સ્નાન કીધે ?
જ્યાં લગી આત્માતત્વ ચિન્ત્યો નહિ. . .
શું થયું વેદ-વ્યાકરણ વાણી વદે ?
શું થયું રાગ ને રંગ જાણે ?
શું થયું ખટ-દર્શન ભેદ સેવ્યા થકી ?
શું થયું વરણના ભેદ આણ્યે ?
જ્યાં લગી આત્માતત્વ ચિન્ત્યો નહિ. . .
એ છે પરપંચ સહુ પેટ ભરવા તણા,
આત્મારામ પરિબ્રહ્મ ન જોયો
ભણે નરસૈયો તત્વદર્શન વિના,
રત્નચિંતામણી જન્મ ખોયો
જ્યાં લગી આત્માતત્વ ચિન્ત્યો નહિ. . .

## ⌘ દાવ પર જિંદગી ⌘

**પ્રો. સુમન અજમેરી, અમેરિકા**

માર તાળી આજ લગાવું દાવ પર હું જિંદગી
ખેલવાની છે મણા, લે દાવ પર આ જિંદગી
કોણ કોને દાવ દે ? ને કોણ કોનો દાવ લે ?
છે સમજના ફેર સારા, લે લગાવું જિંદગી.
'હું કરું' ના ઘોર અંધારા નીચે આ જિંદગી
કૂતરાશી ગાડી નીચે હસ્તી તારી અદાયગી.
એક રણ ઊભું લગોલગ રેતનો વિસ્તાર લઈ
બીજું અંતરમાં છવાઈ, છાતરે છે માંદગી.
ના તમા તારી મને, ના ખપ વફા લાગી જરા,
આયખું ઠાલું પછી હિસાબમાં શું બંદગી ?
સાત સાગર માંગશે તો દૈશ આપી નભ ધરી
વેગળા નખ આંગળીથી થાય ના, શું રવાનગી ?
શબ્દ ચૂંથી પાણીમાંથી વીણ પોરા તું નહી,
ડોળી લે નિજ જાતને, ના, ના, ઉછાળ જિંદગી.

## ⌘ લૂંટે છે ⌘

**સાંઈરામ દવે, ગોંડલ**

તમારી આંખની મસ્તી અમારો જાન લૂંટે છે
મળ્યા મહેમાન સૌ સારા અહી યજમાન લૂંટે છે.
સમરાંગણ આ ઊર્મિનું, અહી રમખાણ આંસુનું,
પ્રથમ તલવાર લૂંટી છે હવે એ મ્યાન લૂંટે છે.
શ્રીમંતોના શહેરમાં આવ્યા ને એવા તો મૂંઝાયા,
ખબર માલિકની કોને છે ? અહી દરવાન લૂંટે છે.
સમજવા કોઈને પણ એ કરે છે તર્ક ને તુક્કા,
અમારી ઓછી ઉંમરમાં ફૂટેલું, જ્ઞાન લૂંટે છે.
સ્વરૂપો બદલીને ખોટાં, ચઢાવી ચહેરાઓ મોટાં,
અહી ઈન્સાનને હર એક પળે ઈન્સાન લૂંટે છે.
લૂંટવાનું રિવાજોમાં. કદી રૂપમાં ને રૂપિયામાં,
કદી અપમાન લૂંટે તો કદી સન્માન લૂંટે છે.
કહે છે 'સાંઈ' સદીઓથી, કોઈ સમજો સમજદારો,
ધરીને રૂપ કળિયુગનું, બધે ધનવાન લૂંટે છે.

## ⌘ હાથ અડાડતા નથી ⌘

**વિનય કવિ, યુકે**

નજરથી નજરને હવે એ ટકરાવતા નથી,
ગલીમાંતો આવે છે પણ ઘરમાં આવતા નથી.
વાત શું છે પૂછું અગર તો એ બતાવતા નથી,
ને ન મળવાનું કોઈ કારણ દર્શાવતા નથી.
એક જ ઈશારે સમજાઈ ગયાં લાખો ભરમ,
લાખ શબ્દો જે વાતને કદી સમજાવતા નથી.
ઓટ આવી છે પ્રેમમાં કે રૂઠ્યું નસીબ મારું ?
લઈ લેતા'તા ભુજાઓમાં, હાથ અડાડતા નથી.
કેમ સમજું કે કરી છે દરગુજર ખતાઓને,
નથી એ માફ કરતા, સજા ય ફરમાવતા નથી.
થીજી ગયાં આંસુઓ મારાં વિરહની વેદનામાં,
આજ બેહિસાબ રડવું છે, પણ રડાવતા નથી.
કહેતા હતા પળ એક તુજ વિણ ચાલશે નહિ,
મળતા નથી રૂબરૂ, સપનામાંય આવતાં નથી.
હતો શોખ એમને ઈશ્કમાં મને બાળવાનો,
આવ્યાં છે ચિતા પાસે તો કાં જલાવતાં નથી ?
સત્તાના કેફમાં સદા કચડતા હતા ગરીબને,
કબર પર બેઠેલી માખને પણ ઉડાડતા નથી.
એ શહીદોને વંદન જે જુલમગારોની સામે
કપાઈ જાય ભલે માથું, પણ નમાવતા નથી.
મહેફિલો ગાજતી હતી કદી જેના કલામોથી
'બદનામ' આજ કાં ગઝલ સંભળાવતા નથી.

## ⌘ નાતાલ ⌘

**પ્રવીણ પટેલ 'શશી'**

તાલ વગરના દિવસો,
થયું, તાલી પાડી ઉજવું નાતાલ !
ઓહ, બાકી હજી તો બે દિવસો,
વિચારું, કરીશ શું, હું નાતાલ ?
સૂસવાટા મારે છે દિવસો,
ને થઈ હિમવર્ષા, પહેલાં નાતાલ.
ધોળા, સફેદ, શ્વેતાચ્છિદ દિવસો,
આર્ટિક પવને, ઠરશે શું નાતાલ?
મારે તો નિવૃત્તિના દિવસો,
જાણે કે હર દિવસ બસ નાતાલ !
માંડ્યા ખરવા પાનખર દિવસો,
કેમ નથી આવતી વસંતે નાતાલ ?
Citibankના કપરા દિવસો,
શ્વસે ચિંતા ઊર્મિલા આ નાતાલ !
મંદીમાં ડૂબ્યા અર્થતંત્રના દિવસો,
જોબ જાય તો કેવી હશે નાતાલ ?
'બ્લેક આઈસે' સરકે દિવસો,
પણ, ટ્રી મૂક્યું લીલું, આ નાતાલ !
રંગ, રોશની ને રૂપકડા દિવસો,
ભાસે કેમ છતાં નિસ્તેજ નાતાલ ?
આવે છે, ને જાય છે દિવસો,
પણ, હજર સાન્તા, હર નાતાલ !
'ફેર અને શેર'ના છે આ દિવસો.
કોણ કોને ભેટશે આ નાતાલ ?
નથી ગણતો હવે હું દિવસો,
ભલે આવે, આજે હવે નાતાલ !
મસિહા બનવા જેવા આ દિવસો,
માનવી માનવ બનશે શું નાતાલ ?

## ⌘ એક જ ચાવી ⌘

**હરિહર ભટ્ટ**

અમે તો એમ સૂણ્યું છે ભાઈ,
એક ચાવીથી જગનાં સઘળાં
તાળાં ઊઘડી જાય.
કોઈ નાનાં, કોઈ મોટાં,
જુદી જુદી જાડાઈ,
એક ચાવીએ સઘળાં ઊઘડે,
એ તો નવી નવાઈ.
કઈ ધાતુની બની ચાવી એ,
ક્યે હાટે વેચાય ?
કિંમત એની પડે કેટલી ?
કોઈ બતાવો ભાઈ.
કર્મ, જ્ઞાન ને ભક્તિ તણી એ
મિશ્ર ધાતુ કહેવાય,
સર્વસમર્પણ કિંમત એની,
ગુરૂહાટે વેચાય.
પરમાત્માની હોય કૃપા તો
ચાવી એ મળી જાય,
આ જગતનાં સહુ તાળાં ઊઘડે,
સત વસ્તુ દેખાય.
અમે તો એમ સૂણ્યું છે, ભાઈ.
(સાભારઃ'એક જ દે ચિનગારી'માંથી )

**સુખની પાછળ દોડવાનું બંધ કરો
તો સુખ તમારી સાથે ચાલશે**

## મોટી કસોટી

ફાધર વાલેસ

એ પ્રસંગથી આખા જીવનની દિશા બદલાઈ શકી હોત. આજે એ યાદ આવે છે ત્યારે હજી ક્ષોભ થાય છે. અને એમાં જુદું કર્યું હોત તો આજે શું થાત એની ઘેરી ચિંતા અનુભવાય છે.

માણસના જીવનમાં એવો પ્રસંગ આવે જ છે, અને એ ઉપરથી જીવનનો રસ્તો નક્કી થાય છે. કસોટીનો પ્રસંગ. નિર્ણયનો પ્રસંગ. ઉન્નતિનો કે પડતીનો પ્રસંગ. મોટો અને ચોક્કસ, કાયમ માટે અસર કરનારો અને કાયમ માટે યાદ રહેનારો. એમાં આમ કર્યું એટલે જીવન આ તરફ વળ્યું, પણ એમાં બીજું કર્યું હોત તો જીવન બીજી તરફ વળી જાત એનું પૂરું ભાન હતું. અને તેથી આજે એ પ્રસંગ યાદ આવે છે ત્યારે હજી એ દિવસની બીક અનુભવાય છે. નાની કસોટીઓ રોજ આવે છે તે આ મોટી કસોટી માટે તૈયારી, એંધાણ, તાલીમ અને ચેતવણીરૂપ હોય છે. પણ મોટી કસોટી આવે ત્યારે આવે, અને એની અસર આખી જિંદગી ઉપર પડે.

એ મોટી કસોટી એ માણસના જીવનમાં વર્ષો પહેલાં આવી હતી. આજે તે એ કહેવા બેઠો ત્યારે એના મનમાં એ પ્રસંગ તે દિવસ જેટલો જ તાજો હતો. એનું વર્ણન, એની વિગતો, એની લાગણી પણ એટલાં જ જીવંત હતાં. એની વાત કરતાં તે આજે વર્ષોને અંતરે એ જ કસોટીમાંથી પસાર થઈ રહ્યો હોય એવો ભાસ થતો.

ધંધામાં એને વહેલી સફળતા મળી હતી. અને શેઠનો વિશ્વાસ એના ઉપર હતો. વિશ્વાસ વધ્યો અને પેઢીના કામને અંગે એને બહારગામ મોકલવાનું શરૂ કર્યું. તેમાં એક દૂરના શહેરમાં જવાનું થયું. કામ મોટું હતું. પોતે એકલો હતો અને સોદાની શરતો એણે જ નક્કી કરવાની હતી. પેઢીમાંથી એને પૂરી સત્તા મળી હતી અને સોદો પાકો કરીને પાછા આવવાનું હતું. એણે સોદો પાકો કર્યો. એની કુશળતા હતી એટલે પેઢીમાં ધાર્યું હતું એના કરતાં વધુ ફાયદાકારક શરતો એણે બીજા પક્ષ પાસે સ્વીકારાવી હતી. મોટા શેઠ જાણશે ત્યારે ખુશ થશે એવું સફળ કાર્ય કર્યું હતું. હવે માલ આપીને પૈસા લઈએ એટલી જ વાર હતી.

પણ એટલી વારમાં કાંઈક બન્યું. કોઈ એકલો મળવા આવ્યો. ખાનગીમાં થોડી વાત થઈ. પેઢીને આશા કરતાં વધારે નફો મળવાનો હતો. માટે એ જરા ઓછો કરે તો એમાં કોઈને શંકા જવાની ન હતી. અને એવું કરી આપે તો એ ઉપકારની કદરમાં એને હાથમાં ભારે રકમ મળે. સ્વપ્નમાં પણ આવી નહોતી એવી રકમ રોકડી મળે. અને આગળ ઉપર એ રીતે ફરીથી વ્યવહાર થશે ત્યારે એવી જ કદર થશે એ પાકી સમજૂતી પણ હતી. ને વચ્ચે બીજું કોઈ નથી એટલે પૂરી સલામતી હતી. આમ કામ સહેલું, નફો ચોખ્ખો, અને જોખમ કોઈ નહીં. એ સરળ અને સીધો પ્રસ્તાવ હતો.

એણે મનમાં જલદી વિચાર કર્યો. બધી વાત સાચી હતી. અને બીજું કે એમ કરવામાં કાંઈ અજુગતું પણ નહોતું. હકીકત એમ હતી કે સોદામાં પેઢીને કેટલો નફો રહેવો જોઈએ એ સમજાવતાં શેઠે લઘુતમ આંકડો નક્કી કર્યો હતો અને એનાથી ઓછો નહિ જોઈએ એટલો જ આગ્રહ રાખ્યો હતો. હવે એ પોતાની કુશળતાથી એનાથી ઘણો મોટો નફો લાવવામાં સફળ થયો હતો. એટલું જ નહિ પણ આ ખાનગી સમજૂતી પ્રમાણે આંકડો ઓછો કર્યા છતાં પણ એ આંકડો હજી શેઠના આંકડા કરતાં ઠીક મોટો રહેતો. એટલે શેઠને પૂરો સંતોષ થશે અને પેઢીને કોઈ અન્યાય ન થાય એ સુવિધા હતી.

શેઠની આજ્ઞા તો એણે બરાબર પાળી હતી અને પેઢીનું હિત સચવાયું હતું. હવે પોતાની વધારાની મહેનતથી અને કુશળતાથી એ કોઈ વિશેષ લાભ મેળવી શકે તો તે લાભ કોનો ? પેઢીનો કે પોતાનો ? પ્રશ્ન સાદો હતો. અને પોતે મનમાં એનો જવાબ આપ્યો કે એ લાભ પોતાના હક્કનો જ હતો. એટલે એણે પ્રસ્તાવ સ્વીકાર્યો અને એ ખાનગી સમજૂતી પ્રમાણે કરવા તૈયાર થયો. બીજે દિવસે સવારે એ માણસ ફરીથી આવશે ત્યારે સહી થશે અને પૈસા મળશે. આટલી જ વિધિ બાકી હતી.

પણ બીજા દિવસની સવાર પહેલાં હજી એ દિવસની રાત વીતવાની હતી. અને એ રાતમાં પણ કાંઈક બન્યું.

તે એકલો પડ્યો કે તરત જ એનું મન ચેતી ગયું. કોઈ અગમ્ય પ્રક્રિયા એમાં શરૂ થઈ. એ રોકવા માટે એણે બીજે ક્યાંય ધ્યાન દેવાનો પ્રયત્ન કર્યો. એને ચોક્કસ ભય હતો કે જો મન જાગશે અને સારા વિચારો લાવશે તો આ કાર્યમાં વિઘ્ન નાંખશે અને બધું બગાડી નાંખશે. એટલે એ વિચારો રોકવા માટે એણે પ્રયત્ન કર્યો. પણ મનમાં ધર્મમંથન શરૂ થઈ ચૂક્યું હતું. વાળુ બાકી હતું અને એ જમવા બેઠો. પણ શું જમી રહ્યો હતો એનો એને ખ્યાલ ન રહ્યો. ભોજન પછી તરત જો એને કોઈએ પૂછ્યું હોત કે આજે તમે શું જમ્યા તો જવાબ આપી ન શકત એવી સ્થિતિ હતી. પછી બહાર ફરવા ગયો પણ મન એ જ ધૂનમાં હતું. સામે કાંઈ દેખાય નહિ અને રસ્તાનું ભાન રહે નહિ.

જે હોટેલમાં એ ઉતર્યો હતો એમાં પાછો ગયો. પોતાની રૂમમાં ગયો. એક રસિક નવલકથા એ દિવસોમાં વાંચવા માટે એ સાથે લાવ્યો હતો. અને એ અર્ધી વંચાઈ પણ ચૂકી હતી. માટે એ હવે લઈને વાંચીએ તો મન સ્થિર થશે અને નિદ્રા આવશે અને સુખેથી ઊંઘી જઈશું એ ગણતરી કરી તે એ વાંચવા લાગ્યો. પણ વંચાઈ નહિ. એટલે કે આંખો જરૂર વાંચે, લીટીએ લીટીએ પાનું પૂરું થાય, પછી હાથ પાનું ફેરવે અને બીજું પાનું શરૂ થાય, પણ છેલ્લા પાનામાં શું વાંચ્યું હતુ એનો એક અક્ષર પણ ધ્યાનમાં ન રહે. આંખો વાંચે પણ મન ન વાંચે ! હાથ પાના ફેરવે પણ મનમાં વાત ન નોંધાય. એણે એ રીતે એક પ્રકરણ પૂરું કર્યું.

ત્યારે એને વિચાર આવ્યો અને એ ગુસ્સે થયો. આખું પ્રકરણ વાંચ્યું પણ એમાં શું આવ્યું એ તો ન પૂછો. એણે પુસ્તક મૂકી દીધું. ઊંઘવાની કોશિશ કરી. પણ આખી રાત ઊંઘ ન આવી.

આખી રાત મનનું મંથન ચાલુ રહ્યું. મન કહેતું હતું, 'તું અહીં આવ્યો તે કોના ખર્ચે આવ્યો ? પેઢીને ખર્ચે, નહિ ? એટલે તારું કામ પેઢીનું કામ છે. તારી મહેનતે મળેલો લાભ પેઢીનો લાભ છે. એનો કોઈ પણ ભાગ તું પચાવે તો એ ચોરી કહેવાય અને વિશ્વાસનો દ્રોહ કહેવાય. તું હોશિયાર છે એટલા માટે જ શેઠ તને સારો પગાર આપીને રાખે છે અને જવાબદારીનાં કામ માટે બહારગામ મોકલે છે. હવે એ હોશિયારી જ લઈને તું જો તારો સ્વાર્થ સાધે તો ભારે દોષ કહેવાય. તારા ઘરના એ સંસ્કારો નથી. તારાં માબાપની એ શિખામણ નથી. બરાબર ચેતી જજે. તારા જીવનમાં આ પહેલો મોટો પ્રસંગ છે. ચારિત્ર્યની પહેલી મોટી કસોટી છે. એમાં જો ખોટો રસ્તો લીધો તો આખું જીવન ખોટે રસ્તે જશે.'

મન કહેતું હતું અને મનની વાત સાચી હતી. પોતાને નવાઈ લાગી કે એ ખોટી ખાનગી ગોઠવણ કરવા એ કેટલો જલદી તૈયાર થયો હતો. વાત આવી, સ્વીકારાઈ, પાકી થઈ. જાણે જૂનો રીઢો ગુનેગાર હોય એવી તત્પરતાથી એ વર્ત્યો હતો. એને શરમ થઈ. ગુસ્સો થયો. બીજા લોકો વિષે એવું કર્યાની વાતો સાંભળી હતી ત્યારે એમને માટે કેટલો તિરસ્કાર થયો હતો !

હવે એ તિરસ્કાર પોતાની જાત માટે જ થયો. અને મોટો વિચાર એ હતો, 'આ પ્રસંગે આપણે ગયા તો કાયમ માટે ગયા. એક વખત કર્યું તો બીજો પ્રસંગ આવશે ત્યારે પણ કરીશું. અનીતિનો રસ્તો લીધો તો અનીતિને રસ્તે જ ચાલવાનું રહેશે ! છાપ પડશે. લોકો જાણશે. લાભ લેશે. માટે આ વળાંક છે, આ જીવનના ફાંટા છે, ક્યો રસ્તો લેવો છે ?'

આખી રાત ઊંઘ ન આવી. સવાર પડી. હજી પેલા ભાઈને આવવાની વાર હતી. ત્યાં એણે ફોન લીધો. એ ભાઈનો નંબર જોડાયો. એનો અવાજ આવ્યો અને એ કાંઈ પૂછે એ પહેલાં શાંત સ્વરે જણાવી દીધું, 'આપણે ગઈ કાલે જે ખાનગી સમજૂતી કરી હતી એ રદબાતલ સમજજો. સોદાનો મૂળ આંકડો રહેશે.' અને સામેથી શો જવાબ આવે છે એની રાહ જોયા વગર એણે ફોન મૂકી દીધો.

એટલો જ પ્રસંગ હતો. આજે વર્ષો પછી એ યાદ કરતાં, અને ખૂબ જ સરળ ભાવે એની વાત કરતાં એનું મહત્ત્વ સમજાયું. જીવનનો અણીનો સમય હતો, મહા કસોટીની પળ હતી, મૂળભૂત વિકલ્પની પસંદગી હતી. એમાં સાચી પસંદગી થઈ પછી જીવન આસાનીથી વહેતું રહ્યું. બીજા એવા પ્રસંગો આવ્યા એમાં સ્થિર રહેવાયું. સાચો રસ્તો એકવાર લીધો હતો, પછી એમાં ચાલતો રહ્યો. શાંતિ આવી. સફળતા વધી. સારી સ્થિતિ રહી. અને એના મૂળમાં આજે સ્મરણમાં આવેલો એ પ્રસંગ હતો.

દરેક માણસના જીવનમાં એવી મોટી કસોટી આવે છે. વહેલી કે મોડી, ઓચિંતી કે ધીરે ધીરે. એ પરીક્ષા આવે, એ પ્રશ્નાર્થ આવે, એ મૂળભૂત વિકલ્પ આવે તે પહેલાં માણસનું જીવન કેવું હતું એ ઉપરથી એ મોટી પરીક્ષામાં એનો જવાબ નક્કી થાય, અને ત્યાર પછીના જીવન ઉપર એ પ્રસંગની છાયા પડે.

મોટી પરીક્ષામાં સફળ થવા માટે રોજની નાની નાની પરીક્ષાઓમાં સફળ થવા પ્રયત્ન કરીએ. (સાભારઃ 'જીવન' લેખસંચયમાંથી)



## વીલ

**જયંતિ એમ. દલાલ**

દુનિયાના દરેક દેશમાં ઈસુના આગમનના વર્ષને લોકો હર્ષભેર વધાવી રહ્યા હતા ત્યારે 'અમૃત વૃદ્ધાશ્રમ'ના એક નાના ઓરડામાં દુઃખથી પરેશાન થતી શાંતિપ્રિય રેણુકા પથારીમાં તરફડતી હતી. તેને શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી. અને છાતીના ડાબા ભાગે અસહ્ય દુઃખાવો ઉપડ્યો હતો. પરોઢિયે નવા વર્ષનો નવો ઉજાસ, નવો ઉમંગ, આજે જાણે જીવલેણ બનીને રેણુકા પર ત્રાટક્યો હતો.

ભગવતીપ્રસાદે એના માથે વ્હાલથી હાથ ફેરવતાં કહ્યું, 'રેણુ, ધીરજ ધર, ડૉ. શુક્લ ગમે ત્યારે આવવા જોઈએ.'

'મને મારો અંતઃકાળ નજીક દેખાય છે. તમે ધ્યાનથી સાંભળો.' બેચેની અનુભવતાં રેણુકા આગળ બોલી, 'આખી જિંદગી તમે મને અનહદ્ પ્રેમ કર્યો છે. હું ઈશ્વરને પ્રાર્થના કરું છું કે ભવોભવ તમારી પત્ની બનવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થાય.'

'આવી નાજુક સ્થિતિમાં વધુ ના બોલ,' બોલતાં ભગતીપ્રસાદ ગળગળા થઈ ગયા.

'મને બોલવા દો, મને રોકશો નહી.' બોલતાં બોલતાં રેણુકાએ ધીરે ધીરે ભગવતીપ્રસાદે ધરેલા ગ્લાસમાંથી થોડુ પાણી પીધું. 'આખી જિંદગી તમે ને મેં, મયૂરી ને કેતનને સારું શિક્ષણ અને સંસ્કાર આપવા જાત ઘસી નાખી. મયૂરી ડોક્ટર બની તો કેતન ડબલ ગ્રેજ્યુએટ થઈને પ્રોફેસર થયો. આપણે વિચારતાં હતાં કે છોકરાંના સુખે સુખી ને તેમના દુઃખે દુઃખી. પણ બંને સંતાનોએ ગયા ભવના દુશમન થઈને મારી કૂખે જન્મ લીધો હોય એવું વર્તન કર્યું છે. બંનેને હું અનહદ્ ધિક્કારું છું.'

'રેણુ, આવી બધી વાતો ન કર. ઠાકોરજીમાં મન પરોવ.'

'મારી છેલ્લી વાત સાંભળી લ્યો. મેં અને તમે કારખાનેદારોના ચોપડા લખી લખીને ને કાળી મજૂરી કરીને પૈસો પૈસો બચાવીને ખાસ્સી મૂડી એકત્ર કરી છે. આ મૂડીને તમે સંસ્કારરહિત આપણા બાળકોને આપવાને બદલે સારા કામમાં વાપરજો. મારા મૃત્યુ બાદ મારો અગ્નિદાહ સંતાનોના હાથે કરાવશો નહી.'

વાક્ય પૂરું થતાં જ રેણુકાએ અંતિમ શ્વાસ લીધો.

ભગવતીપ્રસાદે પોક મૂકી. એમની આંખોમાંથી ચોધાર આંસુ વહેવા લાગ્યાં. આસપાસથી પડોશીઓ આવી પહોંચ્યા. જૂના દિવસો સાંભરી આવ્યાં. ચિત્તમાં આકાર લઈ રહેલી કડવી ક્ષણો એમના જીવતરની આસપાસ વીંટળાઈ વળી.

મયૂરી ઈન્ટર્નશીપ માટે હોસ્પિટલમાં રહેતી હતી. એ કોઈ મુસ્લિમ પંજાબી યુવાન સાથે ડેટીંગ કરતી હતી. જ્યારે જ્યારે એ ઘેર આવે ત્યારે ત્યારે એની મા સાથે ક્લેશ-કંકાસ કરીને ઝઘડતી જ હોય.

કેતનની પત્ની તરીકે રેણુકાએ એક સુશીલ અને સંસ્કારી છોકરી પસંદ કરી ત્યારે તે માની ઉપરવટ જઈને એક ખ્રિસ્તી છોકરી એલ્સી સાથે પરણી ગયો. એલ્સીની ચડવણીથી કેતન માબાપને છોડીને તેમનાથી દૂરદૂર રહેવા ચાલ્યો ગયો.

આઘાતજનક ઘટનાઓએ રેણુકાના જીવતરને પીંખી નાખ્યું.

સ્મશાનેથી પાછા ફરતાં ભગવતીપ્રસાદ ભાંગી પડ્યા.

બીજે દિવસે ખબર પડ્યા પછી મયૂરી ને કેતન ખરખરો કરવા આવી પહોંચ્યા.

'માના મૃત્યુના સમાચાર તો અમને મોકલવા જોઈએ. આવું શા માટે કર્યું ?'

'તમારી માની અંતિમ ઈચ્છા મુજબ કર્યું છે. આખી જિંદગી તમે માની લાગણીઓ સાથે છેડછાડ કર્યે રાખી. પછી કઈ માને તમારા માટે આદર કે પ્રેમભાવ જાગે ?'

સમય સરતો ગયો. ભગવતીપ્રસાદ પણ રેણુકાની જેમ જ બીજા વર્ષે ઈસુના નવા વર્ષના આગમન પહેલાં જ ભગવાનના ધામમાં પહોંચી ગયા.

મયૂરી ને કેતને જ્યારે ભગવતીપ્રસાદનું વીલ વાંચ્યું ત્યારે એમના હોશકોશ ઉડી ગયા. માની લાગણીઓને ઠેસ પહોંચાડનાર બંને ભાંડુઓ માટે વીલ આઘાતજનક હતું. વીલમાં લખ્યું હતુંઃ

"મારો રહેઠાણનો ફ્લેટ તેમજ બેંકમાં પડેલી રોકડ રકમ, બધું મળીને લગભગ કુલ પચાસ લાખની મારી સંપત્તિ, માત્ર માનવીય ગુણોને લક્ષમાં રાખી, વૃદ્ધોની સારસંભાળ રાખતી સેવાભાવી સંસ્થા, 'અમૃત વૃદ્ધાશ્રમ'ને અર્પણ કરું છું."

⌘ ⌘ ⌘

## થેન્ક યુ

હું ઓસ્ટ્રેલિયા આવ્યો અને એક બ્રિટીશ કમ્પનીમાં જોડાયો ત્યારે ઓફિસના કર્મચારીઓનો વ્યવહાર પહેલાં તો મને જરા કૃત્રીમ લાગ્યો. વાતવાતમાં અહી 'પ્લીઝ', 'થેન્ક યુ' અને 'સોરી' શબ્દોનો છૂટથી ઉપયોગ થતો હતો. મારો ઉપરી મને કામ સોંપતી વખતે 'પ્લીઝ' કહે અને હું કામ કરવાનું સ્વીકારું એટલે 'થેન્ક યુ' કહે. કામ કરીને રિપોર્ટ આપું એટલે 'થેન્ક યુ' કહે અને મેં કામ 'સરસ કર્યું છે' એમ ઉમેરી વખાણ પણ કરે.

કર્મચારીઓમાં અરસપરસના વ્યવહારમાં પણ આ શબ્દોનો ઉપયોગ છૂટથી થતો. રસ્તા પર કોઈનાથી મને જરા અડી જવાય કે મારા આડે આવે તો તરત જ 'સોરી' કહે. કોઈ સ્ટોર કે કાફેમાં પણ એમ જ. આ શબ્દોનો ઉપયોગ એટલા બહોળા પ્રમાણમાં થતો હતો કે જાણે લોકો ખીસ્સામાં 'સ્ટાર ડસ્ટ'ની જેમ ભરીને રાખતા હોય અને જ્યાં ત્યાં, બસ, વેર્યા જ કરે !

શરૂઆતમાં આ શબ્દોનો ઉપયોગ કરતાં હું જરા અચકાતો હતો. આપણા દેશમાં આવો રિવાજ નહિ એટલે બોલવામાં નવું નવું લાગે અને જીભ થોથરાય. પણ પછી સમજાયું કે આ શબ્દોના ઉપયોગથી પરસ્પરના સંબંધમાં મીઠાશ રહે છે. શબ્દો અજાણ્યા નહોતા. થોડેઘણે અંશે દેશમાં પણ એનો ઉપયોગ થતો. પણ એ અંગ્રેજી બોલતી વખતે. ગુજરાતીમાં બોલતી વખતે એ શબ્દોના પર્યાય જેવાં કે 'મહેરબાની કરીને', 'આભાર' અને 'દીલગીર છું' નો ઉપયોગ જવલ્લે જ થાય છે. ગુજરાતીમાં એવું બોલવાનો રિવાજ નથી એટલે કોઈ બોલે તો પણ અજાણ્યું અને બીનજરૂરી લાગે. કોઈ કામ કરી આપે તેમાં આભાર શું માનવાનો ? એ તો એની ફરજ હતી. કોઈને ભટકાઈ પડ્યા એમાં 'સોરી' શું કહેવાનું ? વાંક તો એનો પણ ગણાય !

'ડેઈલ કાર્નેગી'નું પુસ્તક 'હાઉ ટુ વીન ફ્રેન્ડઝ એન્ડ ઈન્ફલુઅન્સ પિપલ' (મિત્રો કેમ બનાવવા અને બીજાને ખુશ કરવા) દુનિયામાં સૌથી વધારે વંચાયેલું પુસ્તક છે. દુનિયાની લગભગ દરેક ભાષામાં તેનો અનુવાદ થયો છે. ગુજરાતીમાં પણ મળે છે. અને ઘણા ગુજરાતીઓએ અંગ્રેજી કે ગુજરાતીમાં વાંચ્યું પણ હશે. પણ વાંચ્યા પછી તેને જીવનમાં કેટલા અપનાવે છે ?

ગૃહિણી દરરોજ ઘરનાં બધા માટે રસોઈ કરે છે. દરરોજ જુદું જુદું પણ બનાવી આપે. આ એનું રોજનું કામ છે, નિયમિત ક્રમ છે. એમાં કોઈ બદલાની આશા નથી. જમવાનું બહુ સ્વાદિષ્ટ હોય. બધા હોંશે હોંશે જમે. બીજાને કહે પણ ખરા કે જમવામાં મજા આવી. પણ કોઈ એના વખાણ ન કરે કે બે સારા શબ્દો પણ ન કહે.. એમ પણ ન કહે કે વાનગી સ્વદિષ્ટ થઈ છે અને ખાવાની મજા આવી. બધા એમ માને કે આ તો તેની ફરજ છે, એમાં વખાણ કરવાની કે આભાર માનવાની શું જરૂર ? પણ આભારનો એક શબ્દ, વખાણનો એક બોલ, કદર બતાવતું એક સ્મિત, એ ગૃહિણીના કામનો થાક ઉતારી દે અને ફરી આવુંજ રાંધવાના ઉત્સાહમાં વધારો કરે. ઉલટાનું કોઈને એવી ટેવ હોય છે કે થાળી પીરસાય કે તરત કહે, 'થોડુ મીઠું આપજો' અને ગૃહિણીનો શ્વાસ અધ્ધર ચડી જાય. એને થાય કે એની રસોઈમાં ઉણપ રહી ગઈ છે. અને બીજીવાર એ મહેમાન આવે તો ગૃહિણીને ન પણ ગમે.

શબ્દોની અસર માણસના જીવનમાં, કુટુંબમાં, સમજમાં, ડગલે ને પગલે થતી રહે છે. વખાણ કે આભારના એક શબ્દથી પરસ્પરના સંબંધમાં મીઠાશ વધે છે જ્યારે ટીકાના એક શબ્દથી વર્ષો જૂનો સંબંધ પણ બગડી જાય છે.

બીજાના વખાણ કર્યા પછી માણસને પોતાને પણ ખુશી થાય છે જ્યારે ટીકા કર્યા બાદ અફસોસ થતો હોય છે કે 'આમ બોલવાની જરૂર શી હતી ? આવું ન બોલાયું હોત તો સારુ હોત'.

કોઈનું સારું બોલવાના વિચાર ભલે ન આવે પણ જો ખરાબ ન બોલાય તો પણ ઘણો ફાયદો થાય.

કામમાં મદદ ભલે ન થાય પણ આડા ન આવો તો પણ મોટી મદદ છે.

આપણે મહિનામાં બે અગિયારશના ઉપવાસ કરીએ છીએ તે સાથે એટલુ જો કરીએ કે 'આજે હું કોઈનું બુરું નહી બોલું, બસ બધાના વખાણ જ કરીશ' તો સાચી અગિયારશ કરી કહેવાશે, કુટુંબના બધા જ સભ્યો રાજી થશે અને ઈશ્વર પણ ખુશ થશે. અને અગિયારશના પુણ્યનો બદલો અહી જ, 'સ્ક્રેચ લોટરી'ની જેમ, તાત્કાલિક, મળી જશે. અને જો દરરોજ એમ કરીએ તો ?

## શ્રી પ્રવીણ પટેલ, 'શશી'ની નવલકથા 'પૂર્ણિમા'નું વિમોચન

**ચંદ્રકાન્ત દેસાઈ, યુએસએ.**

ગુજરાત દર્પણ સાહિત્યસભામાં મૂર્ધન્ય સાહિત્યકાર પ્રો. રમણ પાઠકના હસ્તે પ્રવીણ પટેલ 'શશી'ની નવલકથા 'પૂર્ણિમા'નું વિમોચન અને ઉપસ્થિત કવિલેખકોનું સ્વરચિત ગદ્યપદ્ય પઠન કરવામાં આવેલ.

'ગુજરાત દર્પણ'ના ઉપક્રમે તા.૮મી નવેમ્બરે ઈઝલિન, ન્યૂ જર્સીમાં પેન્સિલવાનીઆ, ન્યૂ યોર્ક અને ન્યૂ જર્સીના કવિલખકોની હાજરીથી ભરચક ૨૦૦૯ની છેલ્લી સાહિત્યસભા મળી હતી જેના અતિથિવિશેષ હતા પ્રો. રમણભાઈ પાઠક. તેઓશ્રી દક્ષિણ ગુજરાત સંલગ્ન બારડોલી કોલેજમાં વર્ષોથી પ્રાધ્યાપક હતા. 'ગુજરાત મિત્ર' દૈનિકની અતિલોકપ્રિય નીવડેલ કોલમ 'રમણભ્રમણ'માં તેઓ છેલ્લા પાંત્રીસ વર્ષથી લખે છે. માનવજીવન અને સમાજના પ્રશ્નો વિષે પોતાના ક્રાંતિકારી અને નવનિતર વિચારો નિર્ભકતાથી રજુ કરે છે. સુરત જીલ્લાના વાચકોએ તેમને બીજા 'નર્મદ' તરીકે સન્માન્યા છે.



**ફોટામાં ડાબેથી : રમેશ યાદવ, પ્રવીણ પટેલ, હરનીશ જાની, રમણ પાઠક, સભાષ શાહ અને ડૉ. નીલેશ રાણા.**

પ્રારંભમાં ઉપસ્થિત કવિલેખકોએ સ્વરચિત કૃતિઓનું પઠન કર્યું હતું. મહિના પહેલાંની ગાંધી જયંતિની યાદમાં સુધાકર ભટ્ટે ગાંધીજીના જીવનસંદેશને આવરી લેતું કાવ્ય રજુ કર્યું હતું. સરલા વ્યાસે પોતાની કસાયેલી કલમે લખાયેલો માનવજીવનના સ્વપ્નોને આવરી લેતો લેખ રજુ કર્યો હતો. ભાનુભાઈ ત્રિવેદીએ વિશ્વના વિસ્મયોને વણી લેતું કાવ્ય રજુ કર્યું હતું. સુરતની એન્જિનીઅરીંગ કોલેજના ભૂતપૂર્વ પ્રાધ્યાપક અને 'ડીન', દક્ષિણ ગુજરાત યુનિ.ના ભૂતપૂર્વ સેનેટ સિન્ડિકેટ, ન્યૂક્લીઅર એન્જિનીઅર પ્રો. ચંદ્રકાન્ત દેસાઈએ દક્ષિણ ગુજરાત યુનિ.નું ગીત અને સુરતનું કાવ્ય રજુ કર્યું હતું. આધ્યાત્મિક સાહિત્યકાર, સંસ્કૃતના જ્ઞાતા પ્રો. જયન્ત જોશીએ રૂકમણીના શ્રીકૃષ્ણ પરના પ્રેમપત્રના સંસ્કૃત શ્લોકો અને તે અંગે પોતાના વિચારો રજુ કર્યા હતા. ભગેશ કડકિયાએ ધર્મ અને જ્ઞાતિના ભેદભાવ વગર નિઃસ્વાર્થ કરાયેલી સેવાની ભાવના દર્શાવતો લેખ વાંચ્યો હતો. વાર્તાસંગ્રહોના લેખિકા વિમળા હિરપરાએ 'ચંદ્ર' વિષેના લેખનું પઠન કરતાં જણાવ્યું કે 'ચંદ્ર' હવે સાહિત્યમાં ખૂબ વપરાઈ ચૂક્યો છે. સાહિત્યકારોએ હવે કોઈ બીજા ગ્રહની શોધ કરવી જોઈએ. કવયિત્રી હંસા ત્રિવેદીએ સારા નરસાના વિવેકની વાત કરતી કૃતિનું પઠન કર્યું. નીલા દેસાઈએ હાઈસ્કૂલકાળ દરમિયાન પ્રો. પાઠકનું સાહિત્ય વાંચેલું, તે અંગેના સંસ્મરણોની વાત કરેલી. 'ગુજરાત ટાઈમ્સ'ના તંત્રી અને પીઢ પત્રકાર રમેશ જાદવે તેમના મુંબઈનિવાસના અનુભવોના સ્મરણોની વાત કરી હતી. 'તિરંગા' અને 'ગુજરાત દર્પણ'માં લોકપ્રિય કોલમો લખતા ડૉ. અમૃત હજારીએ "પ્રો. રમણ પાઠકના પ્રેમપત્રો" વિષેના પુસ્તકનું સુંદર અવલોકન રજુ કર્યું હતું. નવલકથા લેખક ડૉ. નીલેશ રાણાએ ટૂંકી વાર્તાનું પઠન કર્યું હતું. મુંબઈના કવિ મધુ શાહે "છૂટા છેડાય નમઃ" શિર્ષકવાળા હાસ્યકટાક્ષ લેખનું પઠન કર્યું હતું. હાસ્યલેખક હરનીશ જાનીએ મુંબઈ-યુએસએના પ્રવાસીની સૂટકેસોની અવનવી વાતો આવરી લેતો હાસ્યલેખ વાંચ્યો હતો. અમદાવાદની ઝેવિયર્સ કોલેજના ભૂતપૂર્વ મનોવિજ્ઞાનના પ્રાધ્યાપક આર. ડી પટેલે સમાજમાં પહેરાતી વિવિધ ટોપીઓની રસભરપૂર વાતો કરતાં, સમાજની આંતરિક દુનિયાનું દર્શન કરાવ્યું હતું. આમ ત્રણ હાસ્યલેખકોને સાંભળી શ્રોતાઓએ હળવાશ અનુભવી હતી. કલ્પેશ શાહ, અશોક વિધ્વાંશ, જસવંત મોદી, નવનીત શાહ, હંસા જાની, નલીન ત્રિવેદી, અવિનાશ વ્યાસે નીજી ઓળખ આપી હતી.

બારડોલી કોલેજના ભૂતપૂર્વ પ્રાધ્યાપક જે. સી. દેસાઈએ મૂખ્ય અતિથિ પ્રો. પાઠકની ઓળખ આપી તેમને બીજા નર્મદ તરીકે બીરદાવ્યા હતા.

ત્યાર બાદ જાણીતા કવિ-લેખક પ્રવીણ પટેલ (શશી)ની નવલકથા 'પૂર્ણિમા'નું લોકાર્પણ પ્રો. રમણ પાઠકે તાળીઓના ગડગડાટ વચ્ચે કર્યું હતું. પાંચ નવલકથા, બે વાર્તાસંગ્રહ અને બે કાવ્યસંગ્રહોના સર્જક પ્રવીણ પટેલને આવી સુંદર નવલકથાના સર્જન માટે અભિનંદન પાઠવ્યા હતા. શશીની પ્રથમ નવલકથા 'અમાસનો ચંદ્ર' થી માંડીને છેલ્લી નવલકથા 'પૂર્ણિમા'ને આવરી લેતું પ્રો. પાઠકનું અભ્યાસપૂર્ણ વક્તવ્ય મનનીય હતું. તેમણે જણાવ્યું કે 'શશી'એ માનવજીવનનાં ઘણાં પાસા તેમની નવલકથામાં વણી લીધાં છે. પાત્રાલેખન વિષે તેમણે જણાવ્યું કે જીવતાજાગતા, હૃદયમાં વસી જાય તેવા પાત્રો હોય તો જ કથા ખીલે છે, તે તત્ત્વ તેમણે જાળવ્યું છે. ઉદાર, સહૃદયી, રૂચિર વ્યક્તિચિત્રો તેમની ખાસિયત છે. વળી કદીક હાસ્ય નિપજાવતા વ્યક્તિચિત્રો વાર્તારસ જાળવવામાં સહાય કરે છે. નવલકથાનો પટ લાંબો હોવાથી રસ અને હેતુ જાળવવાનું કામ કપરું છે, જેને શશી પૂરતો ન્યાય આપી શક્યા છે. શશી પોતે નિર્વાસિત ભારતીય છે ને પાત્રાલેખનમાં તેઓ ભારતને ભૂલ્યા નથી, ઝૂરાપો વર્તાય છે. શબ્દની અને ભાવનાની કળા અગત્યનો ભાગ ભજવે છે, જે શશીની કૃતિમાં ઠેરઠેર દેખાય છે. પ્રસંગોની ગુંથણી જાળવતી તેમની સરળ શૈલીમાં તળપદી લોકબોલી ભરપૂર છે. જ્યાં જરૂર હોય ત્યાં અંગ્રેજીનો ઉપયોગ પણ તેમણે કર્યો છે. તેમને વિવિધ પ્રકારની માહિતીની ગુંથણી કરવાની કળા હસ્તગત છે.

કથા હોય ત્યાં અકસ્માતો તો આવે જ. અકસ્માતો નૈસર્ગિક લાગે, ગોઠવાયેલા નહીં, તેની કાળજી પણ તેમણે લીધી છે. ઉપરોક્ત બાબતોનું જમાપાસું તેમની નવલકથામાં ભરપૂર છે. તેમ છતાં દરેક લેખકની પોતાની દૃષ્ટિમર્યાદા હોય છે. જે શશીમાં પણ વર્તાય છે. તેને ઉત્ક્રમી જવા તેમણે વાર્તાના કસબમાં થોડા વધારે ઊંડા ઉતરવાની જરૂર છે. એક પ્રતિભાશાળી લેખક તરીકે ઉપર ઊઠવામાં તેમને ઝાઝો વખત નહીં લાગે. ભવિષ્યમાં શશી નવોન્નત સર્જન આપતા રહે એવી શુભેચ્છા સાથે અભિનંદન પાઠવું છું.

પ્રવીણ પટેલ (શશી)એ 'પૂર્ણિમા' વિષેની પોતાની દૃષ્ટિ ને તેના પ્રારંભથી અંત સુધી વિકસાવવામાં જે પ્રકારની કાળજી અને ઝીણવટનું ધ્યાન રાખેલું તે અંગે ટૂંકમાં જણાવ્યું હતું. ભરપૂર સમય ફાળવી પ્રો. રમણ પાઠકે તેમની 'પૂર્ણિમા' અને અન્ય નવલકથાઓનો તલસ્પર્શી અભ્યાસ કરી, વિદ્વતાભર્યું અવલોકન કર્યું તે બદલ હૃદયથી આભાર વ્યક્ત કર્યો હતો. તેમજ આજ સુધી તેમના લેખન-પ્રકાશનમાં મદદરૂપ સર્વેના નામ યાદ કરી આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગને સફળ બનાવવામાં ઉપસ્થિત સાહિત્યરસિકો, કવિલેખકો, સુભાષ શાહ, કોશિક અમીન, વગેરેનો પણ આભાર માન્યો હતો.

## ચિંતા, ચિંતન અને વિકાસ

**સ્વામી સચ્ચિદાનંદ**

ચિંતામાંથી ચિંતન થાય છે અને ચિંતનમાંથી પ્રગતિ, વિકાસ થાય છે. જે દેશની પ્રજા ચિંતા વિનાની હશે તે વિકાસ વિનાની પણ હશે જ્યાં કુદરતની ઘણી અનુકૂળતા ત્યાંની પ્રજા મોટા ભાગે જેમતેમ જીવી લેવામાં માનતી હોય છે. પણ જ્યાં કુદરતની ઘણી પ્રતિકૂળતા હોય છે ત્યાંની પ્રજા જીવનની ચિંતા કરીને જીવનને વધુ ને વધુ વિકાસવાળું બનાવતી હોય છે. પોતાનાં સ્વજનો, ઈષ્ટો અને સ્નેહીજનોની રક્ષા અને ભરણપોષણની ચિંતા સૌને થતી હોય છે. જો આવી ચિંતા થતી જ ન હોત તો ? લાગણીઓના બધા વિભાગો નિર્જીવ થઈ જાત.

'ચિંતા કરવી જ ન જોઈએ', 'સદા મસ્તીમાં મસ્ત રહેવું જોઈએ' તેવી વાર્તામાં ગંભીરતા નથી. ભૂખ્યાં બાળકો, જેનું શિયળ જોખમમાં છે તેવી બહેન, દીકરી કે પત્ની, જે રાષ્ટ્રની આઝાદી ગુલામીમાં બદલાઈ જવાની અણી ઉપર છે, આવા બધાની ચિંતા ન કરીને મસ્તીમાં મસ્ત રહો તેવું કહેનારા જીવનની ગંભીરતા વિનાના વૈચારિક નશાના શિકાર છે. ચિંતા તત્ત્વ કુદરતે બનાવ્યું છે અને યોગ્ય સ્થળે યોગ્ય માત્રામાં તે જરૂરી છે.

ખેડૂત ખેતર ખેડીને વરસાદની રાહ જુએ છે. વરસાદ ન આવે તો તેને ચિંતા થાય છે. ખેડૂતને પોતાનાં બાળબચ્ચાંની જવાબદારી છે. દેવું ભરવાની ચિંતા છે. જવાબદારી સાથે ચિંતાનો ગાઢો સંબંધ છે. તેને ચિંતા થવી જ જોઈએ. 'ચતુરને ચિંતા ઘણી' એ કહેવત ખોટી નથી. ચિંતામાંથી ચિંતન થાય અને ચિંતનમાંથી પાણીસંગ્રહ માટે નદીઓ ઉપર બંધ બંધાય. નહેરો, ટ્યુબવેલ વગેરે વરસાદના વિકલ્પો શોધાય. પ્રગતિ થાય. વિકાસ થાય.

**લસણ** **ડૉ. લેલોર્ડ કોર્ડેલ**

## લોહીના ઊંચા દબાણ માટે લસણનો ઉપયોગ ગુણકારી છે.

જ્ઞાનતંતુની નબળાઈને લીધે થતા ઉધરસના વારંવાર હુમલા અટકાવવા લસણનો વપરાશ જ્ઞાનતંતુના ટોનિકનું કામ કરે છે. આ બાબત ફિલાડેલ્ફિયા અને જેફર્સન હોસ્પિટલમાં કરવામાં આવેલા પ્રયોગોથી સાબિત થયેલ છે. એ વૈદ્યકિય પ્રયોગ કરનાર ડોક્ટરોએ તેમનાં સંશોધનનું પરિણામ જાહેર કરતાં જણાવ્યું છે કે ગંભીર પ્રકારના તેમજ કાયમ રહેતા આંતરડામાં થતા અને છાતીમાં થતા દુઃખાવાના આવા બધા રોગીમાં જેના પર પ્રમાણસર લસણનો ઔષધ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો તેમને એક માસના પ્રયોગ પછી સારા પ્રમાણમાં સુધારો થયો હતો અને તેમના રોજબરોજના જીવનમાં તાજગી માલુમ પડી હતી.

આ શરૂઆતના સંશોધન દ્વારા લસણના આરોગ્યપ્રદ ઔષધ તરીકેના ઉપયોગ માટે ભરોસાપાત્ર સાબિતી મળી છે કે લસણમાં પાચનક્રિયાને ઉત્તેજિત કરે એવું કોઈ દ્રવ્ય છે કે જેનામાં આંતરડામાંથી ગેસ બહાર કાઢી તેનાથી થતી ચૂંક મટાડવાનો ગુણ છે. અમે ચોક્કસ રીતે માનીએ છીએ કે લસણમાંના વિટામીન અને ખનિજ ક્ષારોને લીધે પણ લસણ આ કામમાં મદદ કરનારું છે.

છીંકો આવ્યા કરવી એ ગંભીર રોગ જેવું ગણાતું નથી. તો પણ બધા કબૂલ કરશે કે ચાર દિવસ સુધી લાગલાગટ છીંકો આવવી એનો તાત્કાલિક ઉપાય કરવો જરૂરી છે. આર્કન્સાસમાં ક્લાર્કસવીલમાં એક યુવાનને લાગલાગટ ચાર દિવસ છીંક આવ્યા કરી. જ્યારે આ બાબતની વર્તમાનપત્રમાં જાહેરાત થઈ ત્યારે સમગ્ર દેશમાંથી તે મટાડવા માટે વિવિધ ઔષધો સુચવાયા. પણ તેમાંનું એકે આ છીંકના હુમલાને અટકાવી શક્યું નહીં. છેલ્લે ચાર દિવસ બાદ મીલ્વ્યુકીના એક ડોક્ટરનું સૂચન આવ્યું કે એ દરદીને સારા પ્રમાણમાં લસણ ખવરાવવું. લસણનો ઉપયોગ કરતાં તે દરદી તરત જ છીંક ખાતો બંધ થઈ ગયો. તથા છીંક શરૂ થયા પછી જે બિલકુલ ઊંઘી શક્યો ન હતો તેને કુદરતી રીતે આરામપ્રદ ઊંઘ આવી. તેના પોતાના ડોક્ટરે જણાવ્યું કે 'હોસ્પિટલમાં જે વિભાગમાં દરદીને રાખવામાં આવ્યો હતો ત્યાં લસણની ગંધ બહુ ફેલાયેલી પણ હું માનું છુ કે લસણે જ તેને રોગમુક્ત કર્યો.'

લસણ ખાધા પછી દુર્ગંધ અને મોંનો સ્વાદ બગડે છે તે સહન ન થતું હોય તો ટીકડી, ગોળી કે કેપ્સ્યુલ રૂપે લસણ લઈ શકાય. અનિયમિત અને અનુચિત આહાર કરવાથી દેહમાં રોગને માટે જે ભૂમિકા સર્જાય છે તે લસણ લેવાથી સર્જાશે નહિ અને લસણ ભૂખ લગાડવાનું ટોનિકનું કામ આપશે.

ઊંચું લોહીનું દબાણ(અંગ્રેજીઃ હાઈ બ્લડ પ્રેસર કે હાઈપર ટેન્શન) એ છૂપા ખૂની દુશ્મન જેવો રોગ છે જે મૃત્યુની ચેતવણી આપ્યા વિના ગમે ત્યારે હુમલો કરે છે. દરેક મિનિટે વિશ્વમાં કોઈને કોઈ જગ્યાએ એક જણ આ હુમલાનો ભોગ બને છે. મૃત્યુ લગભગ ચેતવણી આપ્યા વિના આવે છે એમ લખ્યું છે પણ વાસ્તવમાં રોગના ઘણા લક્ષણો દ્વારા સમજદાર માનવીને ચેતવણી જરૂર મળે છે.

આ લક્ષણો છેઃ

- મગજ ભમવું,
- ચક્કર આવવાં,
- અસ્પષ્ટ રીતે મગજ ધૂમ થઈ જવું,
- માથામાં લોહીના દબાણથી માથું દુઃખવું,
- છાતીમાં હ્દયના ભાગમાં દુઃખાવો થવો,
- ગરદનમાં દુઃખાવો થવો,
- ઢળાવ ચઢતાં કે દાદરો ચઢતાં શ્વાસ ચડવો, હાંફી જવું,
- મનને કોઈ બાબતમાં એકાગ્ર કરવામાં મુશ્કેલી પડવી,

જેમને આ પૈકીના બે કે ત્રણ લક્ષણો થતાં હોય તેમણે તાત્કાલિક ડોક્ટરી તપાસ કરાવી લેવી જરૂરી છે.

'વીસ' નામના એક જાણીતા ડોક્ટર ઊંચા લોહીના દબાણને અત્યારે કહેવાતી આપણી સુધરેલી દુનિયાનો સૌથી સામાન્ય અને ભયંકર રોગ માને છે. એવા જ બીજા એક ડોક્ટર પેઈજ' માને છે કે ઊંચૂં લોહીનું દબાણ અકાળે મૃત્યુ લાવવાના કારણોમાં મુખ્ય છે.

હાલમાં માણસોને ઉદ્યોગધંધામાં નોકરીએ રાખતાં પહેલાં તેમની શારીરિક તંદુરસ્તી માટે વૈદ્યકિય તપાસ થાય છે. તેમાં માલૂમ પડ્યું છે કે નોકરી પર ન રખાતા ઉમેદવારોમાં નબળી આંખવાળા પહેલે નંબરે છે અને ઊંચા લોહીના દબાણવાળા બીજે નંબરે છે.

એક બીજા સંશોધનમાં એમ માલૂમ પડ્યું છે કે નોકરી કરી શકે તેવા ૧૫00 ઉમેદવારો પૈકી ૪૩૬, એટલે કે લગભગ 30 ટકા લોકો લોહીના ઊંચા દબાણથી પીડાતા હતા.

મોટે ભાગે ઊંચા લોહી દબાણનો રોગ ચાલીસ વર્ષથી મોટી ઉમરના સ્ત્રીપુરુષોમાં હોય છે. અને તેમાં પણ સ્ત્રીઓ કરતાં પુરુષોમાં તે વધારે પ્રમાણમાં જોવામાં આવે છે. જો કે આજની જીવન પદ્ધતિમાં નાની ઉમરના લોકોમાં પણ તેનું પ્રમાણ વધતું જાય છે. અમેરિકામાં યુવાનોને ફરજિયાત અમુક વર્ષો લશકરી સેવા કરવાની હોય છે. તે સેવા માટે આવતા યુવાનોની શારીરિક તપાસમાં ઘણાને લોહીનું ઊંચું દબાણ માલૂમ પડવાથી તેમને લશ્કરમાં ભરતી કરવાને લાયક ગણવામાં આવતા નથી.

કદાચ આપણો કહેવાતો સુધરેલો સ્વભાવ સૌથી વધારે આ માટે જવાબદાર હોય અને જિંદગીનો અકાળે ભોગ લેનાર પણ બન્યો હોય. કારણ આપણે દરેક બાબતમાં સફળ થવા માટે ભારે માનસિક તાણ ભોગવિયેએ છીએ. આપણા દેહની શક્તિ ઉપરાંત, ઘોડાને ચાબૂક મારીને દોડાવે તેમ, સફળ થવા દોડાદોડી કરીએ છીએ. અને આ બધું સમતોલ પોષણપ્રદ ખોરાક અને આરામ લીધા વિના કરીએ છીએ. સમયપાલન અને કાર્ય સિદ્ધિ એ જ આપણું કોઈપણ ભોગે મેળવવાનૂં લક્ષ્ય છે. આપણી જીવનપદ્ધતિ જ એવી છે કે આપણે ઉગ્રપ્રભંજક ઉશ્કેરાટવાળી લાગણીમાં અશાંત જીવન જીવીએ છીએ અને ઊંચા લોહીના દબાણનો ભોગ બનીએ છીએ.

આપણે સુસ્ત, આળસુ, કફથી પીડાતી, બેઠાડુ પ્રજા નથી છતાં પણ આપણી જીવનપદ્ધતિને કારણે આ ઊંચા લોહીના દબાણનો ભોગ બનીએ છીએ.

અલબત્ત, આ જીવલેણ રોગમાંથી બચવાની સરળ અને શાણી રીત એ છે કે આપણે સુખશાંતિથી ભૂખ પ્રમાણે જમીએ અને પૂરતી ઊંઘ અને આરામ લઈએ.

ઊંચું લોહીનું દબાણ ઘટાડવાના, તેમાંથી મુક્તિ મેળવવાના અતિ અગત્યના વૈદ્યકિય ઉપાયોમાં આહારમાં લસણનો નિયમિત ઉપયોગ કરવો તે એક છે. તે ઉપરાંત લોહીનું ઊંચું દબાણ ઘટાડવાના અસરકારક ગણાતા વૈદ્યકિય ઉપાયો ઘણા છે.

૧ ઉપચાર તદ્દન સહીસલામત અને રોગીને જરા પણ નૂકસાન ન કરે તેવા આડઅસર વગરના હોવા જોઈએ.

૨ તેની સારી અસરથી લોહીનું દબાણ ધીરે ધીરે ઘટવું જોઈએ. જો દબાણ એકદમ ઘટે તેવી દવા હોય તો તેથી દેહતંત્રને હાનિકારક આંચકો લાગશે અને દબાણ ઘટી ગયું જણાતાં છતાં રોગનાં ચિહ્નો વધારે ઉગ્ર સ્વરૂપ લેશે.

૩ માથાના દુખાવામાં ને માથું ધુમ થવામાં કે ચક્કર આવવામાં પણ ચોક્કસ ઘટાડો થઈ આરામ મળે તેવી દવા લેવી જોઈએ.

૪ દબાણ એકદમ ન ઘટે એવા ઔષધ લો.

૫ ડોકટરે સૂચવેલી દવા નિયમિત લેવી.

૬ પ્રતિકૂળ અસર કરે તેવાં દ્રવ્યો લેવાં નહિ.

**(સાભારઃ 'વતન'માંથી)**

લસણના ઔષધિય ફાયદા એટલા બધા છે કે લગભગ દુનિયાના દરેક દેશમાં રસોઈમાં તેનો ઉપયોગ થાય છે. જ્યારે તેનો સ્વાદ અને સુગંધ(?) વાનગીના સ્વાદમાં વધારો કરે છે.

ગુજરાતની મોટા ભાગની સ્વાદિષ્ટ વાનગીઓમાં લસણ વપરાય છે. ખાસ કરીને શિયાળામાં લીલા લસણવાળા બાજરાના રોટલા તથા વડા કે ઢોકળા સાથે લીલા લસણની ચટણી ગુજરાતીઓને બહુ જ પ્રિય છે. લસણ વગર 'પાંવભાજી'માં સ્વાદ ન આવે ! જો કે 'ચુસ્ત જૈન ગ્રાહક' ગુમાવવા ન પડે તે માટે ઘણા રેસ્ટોરન્ટ લસણનો ઉપયોગ કરતા નથી.

નેવું ટકા ઉપરાંતના ઈટાલીઅન સોસમાં લસણનો ઉપયોગ કરવામાં આવે છે. લસણ વગરનો પીત્ઝા-સોસ મળવો મુશ્કેલ છે.

દુનિયામાં બધા દેશોનું મળીને લસણનું વાર્ષિક ઉત્પાદન બે કરોડ ટન જેટલું હશે. તેમાનું અર્ધા ઉપરાંતનું ઉત્પાદન ચીનમાં થાય છે અને બીજા નંબરે ભારતમાં વર્ષે ૭૦ લાખ ટન જેટલું થાય છે. બીજા અગત્યના દેશો છે - દક્ષિણ કોરીઆ, ઈજીપ્ત, રસિયા, અમેરીકા, સ્પેઈન, આર્જેન્ટીના, ઈટલી, વગેરે. અમેરિકામાં અલાસ્કા સિવાયના બધા પ્રાંતોમાં લસણ ઊગાડવામાં આવે છે પણ તેમાં સૌથી વધારે લસણનું ઉત્પાદન અને વપરાશ કેલિફોર્નિયામાં થાય છે જે પોતાને 'લસણનું પાટનગર' કહે છે. સાન ફ્રાન્સિસ્કોમાં 'ફ્રોટી ક્લવ્ઝ ગાર્લીક' નામનું રેસ્ટોરન્ટ પણ છે.

## 'कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन'

**સ્વામી વિવેકાનંદ**



ભારતને માટે મને પૂરેપૂરો પ્રેમ હોવા છતાં, પ્રાચીન પૂર્વજોને માટે સંપૂર્ણ સન્માનની ભાવના હોવા છતાં અને મારામાં પૂરેપૂરો દેશપ્રેમ હોવા છતાં મને એ વિચાર આવ્યા વગર રહેતો નથી કે આપણે બીજી પ્રજાઓ પાસેથી હજી ઘણી બાબતો શીખવાની છે. જ્ઞાન માટે આપણે સૌને ચરણે બેસવાને તૈયાર રહેવું જોઈએ. ખાસ ધ્યાન રાખજો કે દરેક માણસ પાસેથી આપણને કોઈ ને કોઈ બોધપાઠ મળી શકે છે. આપણા મહાન સ્મૃતિકાર મનુ મહારાજ કહે છે કે, 'હલકા કુળની વ્યક્તિ પાસેથીયે જ્ઞાન મેળવવું અને અંત્યજ પાસેથી પણ સેવા દ્વારા પરમ ધર્મનો માર્ગ જાણી લેવો'. એટલા માટે મનુનાં સાચાં સંતાનો તરીકે આપણે તેમના આદેશોને માનીને આ જીવનના તેમજ પરલોક સંબંધેના જ્ઞાનના પાઠો જે કોઈ આપણને શીખવી શકે તેની પાસેથી શીખવાને તૈયાર રહેવું જોઈએ. તે સાથે આપણે એ પણ ભૂલવું ન જોઈએ કે આપણે પણ જગતને એક મહાન બોધપાઠ શીખવવાનો છે. ભારતની બહારના વિશ્વ સિવાય આપણને ચાલે તેમ નથી. આપણે ચલાવી શકશું એમ આપણે ધાર્યું હતું તે આપણી મૂર્ખાઈ હતી અને એનો દંડ આશરે એક હજાર વર્ષની ગુલામી રૂપે આપણે ભરવો પડ્યો છે.

દેશની બહાર જઈને બીજી પ્રજાઓ સાથે આપણે તુલના કરી નહિ, આપણી આસપાસ ચાલી રહેલી પ્રવૃત્તિઓને લક્ષમાં લીધી નહિ, એ ભારતીય માણસના પતનનું એક મહાન કારણ છે. આપણે તેનો દંડ ચૂકવ્યો છે. હવે ફરી આપણે એવી ભૂલ ન કરીએ તો સારું. ભારતીય જનોએ ભારતની બહાર જવાય નહી એવા વિચારો સાવ મૂર્ખાઈ ભરેલા અને બાલિશ છે. મગજમાંથી એ વિચારોને તો મારીને હાંકી કાઢવા જોઈએ. તમે દેશની બહાર વધારે પ્રવાસ કરીને જગતની પ્રજાઓ સાથે જેમ વધુ હળોમળો તેમ તમારા માટે અને તમારા દેશ માટે એ વધારે સારું છે. છેલ્લાં સૈંકડો વર્ષોથી જો તમે એમ કરતા રહ્યા હોત તો આજની પેઠે ભારત પર રાજ કરવા ઈચ્છતી દરેક પ્રજાના પગ પાસે તમારે આળોટવું ન પડત ! પ્રાણશક્તિનું પ્રથમ દૃશ્ય પરિણામ છે વિસ્તાર. જો તમારે જીવવું હોય તો તમારે વિસ્તૃત બનવું જોઈએ. જે ઘડીએ તમે વિસ્તૃત થતા બંધ પડયા તે ઘડીએ જ તમારું મૃત્યુ આવ્યું સમજો. ભય સામે જ ઊભો છે એમ જાણો.

યુરોપ અને અમેરિકાના પ્રવાસ ઉપર ગયા વિના મારે છૂટકો ન હતો, કારણ કે રાષ્ટ્રીય જીવનના પુનરુત્થાનની પહેલી નિશાની છે વિસ્તાર. આ રાષ્ટ્રીય જીવનના પુનરુત્થાને, અંદરથી થઈ રહેલા વિસ્તારે, મને બહાર ધકેલી દીધો. અને એ રીતે હજુ હજારો કે લાખો ધકેલાવાનાં છે. મારા શબ્દો નોંધી રાખજો કે જો આ પ્રજા જીવતી રહેશે તો એમ થવાનું જ છે. અર્થાત આ પ્રશ્ન રાષ્ટ્રીય જીવનના પુનરુત્થાનની મોટામાં મોટી નિશાની છે. અને આવા વિસ્તાર દ્વારા બાહ્ય જગતને માનવ જ્ઞાનભંડારમાં આપણા તરફનો નૈવેદ્યનો હિસ્સો, વિશ્વમાં ચાલી રહેલી સર્વસાધારણ ઉત્ક્રાંતિમાં આપણો ફાળો, પહોંચી રહ્યો છે.

વળી આ કાંઈ નવી બાબત નથી. તમારામાંથી જેઓ એમ ધારતા હોય કે સર્વ યુગોમાં હિન્દુઓ પોતાના દેશની ચાર દિવાલ વચ્ચે જ ગોંધાઈ રહેલા છે તેઓ ભીત ભૂલે છે. જો તમે એમ ધારતા હો તો તમે પ્રજાનો ઈતિહાસ સાચી રીતે વાંચ્યો નથી. પ્રાચીન ગ્રંથોનો અભ્યાસ તમે કર્યો નથી. દરેક પ્રજાએ જીવતા રહેવા માટે કંઈક આપવું જ જોઈએ. જો તમે જીવન આપો તો જીવન મળશે. જ્યારે તમને કાંઈક મળે ત્યારે તમારે સામાને કાંઈક આપીને તેનું ઋણ ચૂકવવું જોઈએ. અને આપણે આટલાં હજારો વરસ થયાં જીવતા રહ્યા છીએ એ તો દીવા જેવું ચોખ્ખું છે. અર્થાત એ હકીકતનો ખુલાસો એ છે કે અજ્ઞાની લોકો ગમે તેમ માનતા હોય તો પણ દુનિયાને આપણે સદા સર્વદા કંઈક આપતા જ આવ્યાં છીએ.

ભારતની ભેટ ધર્મની અને તત્ત્વજ્ઞાનની છે. જ્ઞાનની અને આધ્યાત્મિકતાની છે. ધર્મને પોતાનો રસ્તો સાફ કરવા માટે લશ્કરની ટુકડીઓ મોકલવાની જરૂર નથી હોતી. જ્ઞાન અને તત્ત્વજ્ઞાનને રક્તના પૂરમાં તરબોળ બનીને જવાની જરૂર નથી હોતી. જ્ઞાન અને તત્ત્વજ્ઞાન રક્તનીગળતાં માનવશરીરો ઉપર થઈને કૂચ નથી કરતાં. જ્ઞાન અને તત્ત્વજ્ઞાન હિંસાની સાથે કૂચ નથી કરતાં પરંતુ શાંતિ અને પ્રેમની પાંખો પર બેસીને આવે છે. અને કાયમ તેમજ બનતું આવ્યું છે. એ કારણસર આપણે કાંઈક આપવું પડયું હતું. લંડનમાં એક યુવાન બાઈએ મને પૂછયું, 'તમે હિન્દુઓએ શું કર્યું છે ? તમે કદી એક પણ પ્રજાને જીતી છે ?' બહાદુર, શૂરવીર, ક્ષત્રિય ખવાસની અંગ્રેજ પ્રજાની દૃષ્ટિએ એ સાચું છે કે માણસ બીજા ઉપર વિજય મેળવે એ તેની મોટામાં મોટી કીર્તિ છે. તેના દૃષ્ટિબિંદુથી એ સાચું છે. પણ આપણા દૃષ્ટિબિંદુ પ્રમાણે એ સાવ ઊલટું છે.

જો હું મારી જાતને પૂછું કે ભારતની મહત્તાનું કારણ શું છે તો હું તરત ઉત્તર આપું કે આપણે કદી બીજાને જીત્યા નથી તે જ આપણો મહિમા છે. આપણો ધર્મ બીજા ઉપર વિજત મેળવવા ઈચ્છતો નથી એ કારણસર તેની નિંદા તમે રોજ રોજ સાંભળી રહ્યા છો. અને ક્યારેક તો, મારે દિલગીરી સાથે કહેવું પડે છે કે, સારા સમજદાર માણસો પણ એમ જ બોલે છે. પરંતુ મારે મન આપણો ધર્મ બીજા કોઈપણ ધર્મ કરતાં વધુ સાચો છે તેની સાબિતી એ છે કે તેણે કદી કોઈને જીત્યા નથી, કદી કોઈનું લોહી રેડ્યું નથી. તેના મુખમાંથી સર્વદા શાંતિના આશિર્વાદ તથા પ્રેમ અને સહાનુભૂતિની વાણી સૌની ઉપર વરસતાં આવ્યાં છે. અહીં, કેવળ ભારતમાં જ, સહિષ્ણુતાનો ઉપદેશ સૌ પ્રથમ પ્રચારિત થયો હતો અને અહીં, કેવળ ભારતમાં જ, સહિષ્ણુતા અને સહાનુભૂતિ વ્યવહારિક બને છે. બીજા દરેક દેશમાં એ માત્ર સિદ્ધાંતના શબ્દો રહ્યા છે. હિંદુઓ મુસલમાનોને માટે મસ્જિદ બાંધે તથા ખ્રિસ્તીઓ માટે ચર્ચ બાંધે એ કેવળ અહીં, ભારતમાં જ બની શકે છે.

એટલે તમે જુઓ છો કે આપણો સંદેશ બહાર જગતમાં ઘણીયે વાર ગયેલો છે પરંતુ ધીમેથી, શાંતિથી, બહુ ખબર પડવા દીધા વગર. ભારતની બધી બાબતો સાથે એ સુસંગત છે. ભારતીય વિચારધારાની ખાસિયત છે તેની નીરવતા, તેની શાંતિ, તે સાથે જ તેની પાછળ રહેલી પ્રચંડ શક્તિ હિંસા દ્વારા કદીયે વ્યક્ત થઈ નથી. ભારતીય વિચારોનું એ કાયમી મૂંગું કામણ છે. જો કોઈ પરદેશી આપણા સાહિત્યનો અભ્યાસ કરવા બેસશે તો પ્રથમ તો તેને એ વાત સાવ અરુચિકર લાગશે. એમાં ગતી નથી. કદાચ તેને તરત હલાવી મૂકે એટલા પ્રમાણમાં એમાં વેગ નથી.

આપણી કરુણાન્તિકાઓ સાથે યુરોપની કરુણાન્તિકાઓ સરખાવો. યુરોપની કરુણાન્ત રચનાઓ એવી ક્રિયાશીલતાથી ભરપૂર છે કે ક્ષણભરને માટે તો એ તમને ઉત્તેજિત કરી મૂકે. પણ એ પૂરી થઈ ગયા પછી પ્રતિક્રિયા શરૂ થાય ને બધું ચાલ્યું જાય, જાણે કે તમારા મગજમાંથી બધું જ ધોવાઈ જાય. ભારતીય કરુણાન્ત રચનાઓ સંમોહન કરનારની કામણકળા જેવી છે, શાંત અને નીરવ. પણ જેમ જેમ તમે એમનો આગળ અભ્યાસ કરતા જાઓ તેમ તેમ એ તમને મોહિની લગાડતી જાશે. તમે ચસકી નહિ શકો, તમે બંધાઈ જ જવાના. અને જે કોઈએ પણ આપણાં સાહિત્યને એકવાર હાથ ધરવાની હિંમત કરી છે તેને એ બંધનનો અનુભવ થયોજ છે. એ એનાથી સદાને માટે બંધાઈ ગયો જ છે. વિશ્વના વિચાર ભંડારમાં ભરતનો ફાળો, ઉષાકાળમાં અદૃષ્ટ અને નીરવપણે ઉતરી આવતી અને સુંદરમાં સુંદર ગુલાબ પુષ્પોને ખીલવતી મૃદુલ ઝાકળ જેવો છે. ચૂપચાપ, જરા પણ પરખાયા વગર, પોતાના પ્રભાવમાં સર્વશક્તિમાન બનીને એણે જગતની વિચારધારામાં ક્રાન્તિ લાવી મૂકી છે. અને છતાં કોઈ જાણતું પણ નથી કે એણે એ ક્યારે કર્યું છે.

એકવાર મારી પાસે એવો ઉલ્લેખ કરવામાં આવ્યો કે, 'ભારતમાં કોઈપણ લેખકનું નામ નક્કી કરવું એ અતિશય મુશ્કેલ છે.' મેં તેને જવાબ આપ્યો, 'એનું નામ જ ભારતીય ભાવના. ભારતીય લેખકો આધુનિક લેખકો જેવા નથી. આધુનિક લેખકો નેવું ટકા બીજા લેખકોના વિચારોમાંથી ચોરે છે અને પોતાના માત્ર દશ ટકા જ હોય છે. અને છતાં પ્રસ્તાવનામાં કાળજીપૂર્વક લખે છે, 'આ બધા વિચારોની જવાબદારી મારી જ છે.'

માનવજાતિનાં હૃદયોમાં અસાધારણ પરિણામ લાવનારા એ મહાસમર્થ માનસિક શક્તિ ધરાવનારા લેખકો પોતાના નામનો પણ ઉલ્લેખ કર્યા વિના પુસ્તકો લખીને સંતોષ માનતા, તથા ભાવિ પ્રજાને એ સોંપીને શાંતિથી ચિરનિદ્રામાં પોઢી જતા. આપણા દર્શનગ્રન્થોના લેખકોને કોણ ઓળખે છે ? આપણાં પુરાણોના લખકોને કોણ પિછાણે છે ? એ બધા વ્યાસ અને કપિલ જેવા વર્ગવાચક નામો તળે ઢંકાઈ જાય છે. શ્રી કૃષ્ણનાં સાચાં સંતાનો તો તેઓ છે. ગીતાના બધા અનુયાયીઓ તેઓ છે. વ્યાવહારિક રીતે તેમણે જ મહાન આદેશને આચરણમાં મૂકી બતાવ્યો છે, **'कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन'** - 'તને કર્મ કરવાનો અધિકાર છે, પરંતુ તેનું ફળ મેળવવાનો નથી'

## આપણાં શાકભાજી

દરેક અંકમાં આપણાં શાકભાજી વિષે ઉપયોગી અને રસપ્રદ માહિતી અહીં પ્રગટ કરવાનો વિચાર છે. કોઈપણ વાચકમિત્ર પાસે એવી માહિતી હોય તો મોકલવાનું આમંત્રણ છે. યોગ્ય લાગશે તે અહીં, તેમના નામ સાથે, પ્રગટ કરવામાં આવશે, 'રીડર્સ ડાઈજેસ્ટ'ની જેમ કોઈ પુરસ્કાર તો આપવામાં નહિ આવે પણ એ રીતે આ સામયિક દ્વારા થતી ગુજરાતી ભાષા અને સમાજની સેવા કરવામાં સહકાર આપવાનો લ્હાવો અચૂક મળશે. - માનદ્ તંત્રી

### કાકડી

કાકડી ત્રણ હજારથી વધારે વર્ષોથી ભારતમાં ઉગાડવામાં આવે છે. છેલ્લા બે હજાર વર્ષ દરમિયાન તે દુનિયાના ઘણા દેશોમાં પ્રસરી છે. તેની અનેક જાતો છે. ઈન્ગ્લેન્ડમાં ઊગતી બી વગરની લીસી અને કૂણી કાકડી લગભગ બે ફૂટ જેટલી લાંબી બની શકે છે. તે પોપટી રંગની હોય છે. શિયાળાની ઋતુમાં તે ભારતમાં પણ ઊગે છે. યુરપમાં પણ એ પ્રકારની કાકડી, ઊગે છે પણ તે થોડી ઓછી લંબાઈવાળી અને જાડી હોય છે. લીલા રંગની બીવાળી કાકડી, જે આપણે સાધારણ રીતે બઝારમાં જોઈએ છીએ અને 'લેબનીઝ કકુમ્બર' તરીકે ઓળખાય છે, તે આઠથી દશ ઈંચ લાંબી હોય છે. દક્ષિણ ભારતમાં 'દોસાકાઈ' નામની પીળા રંગની ગોળ કાકડી પણ ઊગે છે. કાકડી ગમે તે પ્રકારની હોય, તેના ગુણધર્મ લગભગ સરખા હોય છે.

કાકડીમાં અનેક જાતના ગુણકારી વિટામીન અને ખનીજ ક્ષારો છે. જેવાં કે - વિટામીન બી, બી-૧, બી-૨, બી-૩, બી-૫, બી-૬ અને સી, પ્રોટીન, ડાયેટરી ફાયબર, થીઆમીન, રીબોફ્લાવીન, નાયસીન, પાન્ટોથેનીક એસીડ, કેલ્સિયમ, મેગ્નેસીઅમ, લોહ, ફોસ્ફરસ, પોટાસીઅમ અને ઝીન્ક.

કાકડીમાં ૯૦ ટકા ઉપરાંત પાણી હોય છે અને તે કાચી અને કૂણી સેલાડ તરીકે ખવાય છે. તે ઉપરાંત યુરપમાં તેને વીનેગારમાં મૂકી તેનું 'પીકલ' બનાવાય છે.

કાકડી વિષે જાણવા જેવી થોડી અગત્યની માહિતી.

૧ કાકડીમાં શરીરને જરૂરી લગભગ બધા જ વીટામીન છે. તેમાં બી-એક, બી-બે, બી-ત્રણ, બી-પાંચ, બી-છ, વીટામીન 'સી', ફોલિક એસીડ, કેલ્સિયમ, આયર્ન, મેગ્નેસિયમ, ફોસ્ફરસ, પોટાસિયમ અને ઝીંક છે.

૨ બપોરે કામ કર્યા પછી થાક લાગતો હોય તો કેફેનવાળો ચા કે કોફી પીવાની જરૂર નથી. એક નાની કાકડી ખાવાની. કાકડીમાં જે અનેક જાતના વીટામીન બી અને કાર્બોહાઈડ્રેડ છે તેનાથી તરત જ સ્ફૂર્તિ આવી જશે જેની અસર કલાકો સુધી રહેશે.



૩ આંખમાં બળતરા થતી હોય તો કાકડીના પતીકા આંખ પર મૂકી, તેના પર પાટો બાંધી, થોડીવાર આરામ કરો. બળતરા ઘણી ઓછી થઈ જશે.

૪ વેજિટેબલ ગાર્ડનમાં જીવાત અને ગોકળગાય નુકસાન કરતાં હોય તો એલ્યુમિનિયમના નાના વાસણમાં કાકડીના પતીકા મૂકી તેની વચ્ચે મૂકો. કાકડીમાંના રસાયણો એલ્યુમિનિયમ સાથે પ્રક્રિયા કરીને એક જાતની રાસાયણિક ગંધ પેદા કરશે જે માણસ ન પારખી શકે પણ ગોકળગાય અને બીજાં જીવડાં તેનાથી ત્રાસીને ભાગી જશે.

૫ મોઢા પરની કરચલીઓ ઓછી કરવા અને ચામડીને ચળકતી અને સુંવાળી બનાવવા માટે કાકડીના પતીકા લઈ મોઢા પર થોડીવાર ઘસો. કાકડીમાંનું 'ફિતોકેમિકલ' ચામડીમાંના 'કોલાગેન'ને સંકોચશે જેથી કરચલી ઓછી થશે અને ચામડી સુંવાળી અને ચમકતી બનશે.

૬ આગલી રાતની પાર્ટી અને ઉજાગરાથી સવારે માથું ભમે છે ને દુઃખે છે ? રાત્રે સૂતાં પહેલાં થોડી કાકડી ખાવાની. કાકડીમાંના અનેક જાતના વીટામીન 'બી', સર્કરા અને 'ઈલિક્ટ્રોલાઈટસ' શરીરમાં જરૂરી પોષકતત્ત્વો સર્જશે અને સવારે તાજગી રહેશે.

૭ સવારે ભરપેટ જમ્યા પછી પણ બપોરે થોડો નાસ્તો કરવાનું મન થતું હોય છે. આ કૃત્રીમ ભૂખ હોય છે. આ રીતના નાસ્તાથી શરીરમાં મેદ જામે છે, વજન વધે છે અને કામ કરવામાં પણ સુસ્તી રહે છે. નાસ્તો કરવાને બદલે થોડી કાકડી ખાઈ લેવાથી ભૂખ તો મટી જશે પણ કામ કરવામાં પણ સ્ફૂર્તિ રહેશે. યુરોપના માલધારીઓ સદીઓથી આ રીતે કાકડીનો ઉપયોગ કરે છે.

૮ જમ્યા પછી વધેલી કાકડીને ફેંકી દેવાને બદલે તેનો પણ ઉપયોગ થઈ શકે છે. કાકડીના પતીકાથી સ્ટેનલેસ સ્ટીલના વોશ બેસીનને સાફ કરવાથી તે ચમકતું થશે. એજ રીતે ચામડાના બુટ ઉપર ઘસવાથી તે ચમકી ઉઠશે.

૯ એક કાકડી કાપીને તેને ઉકળતા પાણીમાં કોફી ટેબલ પર મૂકો. કાકડીમાંના પોષક તત્ત્વો વરાળ સાથે આખા રૂમમાં પ્રસરીને તાજગીભર્યું વાતાવરણ સર્જશે.

૧૦ જમ્યા પછી સોપારી કે પાન ખાવાને બદલે થોડી કાકડી ખાવાથી મોઢું સાફ, દુર્ગંધમુક્ત અને સુગંધિત રહેશે.

૧૧ બાથરૂમના અરીસા પર કાકડી ઘસવાથી તેના પર ભેજ નહીં જામે અને અરીસો ચળકતો રહેશે

નોંધઃ સ્વાદ અને શોખ ખાતર અહીં કાકડી વિષે માહિતી આપી છે. માહિતીની સત્યતા વિષે કોઈ બાંહેધરી આપવામાં આવતી નથી. આહારમાં ફેરફાર કરતાં પહેલાં કે રોગનિવારણ માટે તેનો ઉપયોગ કરતાં પહેલાં તેના નિષ્ણાતની સલાહ લેવી આવશ્યક છે.

કોઈ જીવવા માટે જમે છે.
કોઈ જમવા માટે જીવે છે.

⌘ ⌘ ⌘



**मेघदूतम्** (संपादकः डो.गौतम पटेल)

रक्ताशोकश्चलकिसलयः केसरश्चात्र कान्तः
प्रत्यासन्नौ कुरबकवृतेर्माधवीमण्डपस्य ।
अेकः सख्यास्तव सह मया वामपादाभिलाषी
कान्तक्षत्यन्यो वदनमदिरां दोहदच्छद्मनास्याः ॥८३॥
तन्मध्ये च स्फटिकफलका कान्चनी वासयष्टि
रमूले बद्धा मणिभीरणनतिप्रौढवंशप्रकाशैः ।
तालेः शिल्जावलयसुभगैर्नर्तितः कान्तया मे
यामध्यास्ते दिवसविगमे नीलकण्ठः सुहृद्वः ॥८४॥

**મેઘદૂત** (સંપાદકઃડો.ગૌતમ પટેલ, ભાવનગર)

ત્યાં શોભે છે ચલકિસલયે એક રતો અશોક
પાસે, બીજો બકુલ મધુરો, માધવી મંડપોની,
ઈચ્છે પ્હેલો ચરણ, મુજશો, વામ તારી સખીનો,
બીજો ચાહે વદનમદિરા યે, મિષે દોહદોના.(૮૩)
ત્યાં છે મધ્યે સ્ફટિકફલકે સ્વણરની યષ્ટિ, મૂળે
તાજાં વાંસો સમ ચમકતાં રત્નથી જે જડેલી,
મારી કાન્તા મધુર રણકે કંકણોના નચાવે,
તે ત્યાં બેસે દિવસ નમતાં મોરલો, મિત્ર તારો. (૮૪)

(ક્રમશઃ દરેક અંકમાં બે પદ્ય મૂકાશે)

**Meghadootam of Kalidas** (Editor: Dr.Gautam Patel)

There are on the pleasure mountain the red Ashoka tree with trmulous sprouts ans charming Kesara, both surrounded by bowers of Madhavi creepers ledged in by Kurabaka plants. The first one pines like me for being struck by the foot of my wife, your friend, and the other for a splash of wine from my wife's mouth under the pretext of Dohada that will cause them to bloom.(83)

Between them there is a pearching rod with a base of crystal studded at the bottom with jewels that shine like green bamboos where roosts at the end of the day, a peacock, your kin, who is made to dance by my beloved with clapping of hands pleasing on account of the jingling of braelets.(84)

(To be continued: Two verses will be published in every issue.)